

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ખાય અકરાંતીયા થઈને ખાયકી પચાવે છે,
છતાંય પ્રમાણિકતા - નિષ્ઠાનો શોર મચાવે છે,
બચાવે છે લાગવગ - સંબંધોની મિલીભગત -
અમૃત મહોત્સવના મંચે પ્રજાને નચાવે છે.

હાઈકુ

'મળી આઝાદી'
ખાયકી કૌભાંડોનાં
અમૃતોત્સવ!

સારે છે આંસુ
ડૂસકાં ખાતાં ખાતાં
સત્ય-અહિંસા

### ચિંતન

*આહાર નિદ્રા ભય મૈથુન ચ સામાન્યમેતદ્ પશુભિર્નરાણામ્ ।*
*ધર્મો હિ તેષામ્ અધિકો વિશેષ: ધર્મેણ હિના પશુ ભિસ્સમાન: ॥*

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત સુભાષિત ભાંડાગારમાંથી લેવામાં આવેલ છે.

આહાર, નિંદ્રા, મૈથુન, ઈત્યાદિમાં માણસ ધર્મનું નિયમન રાખીને આચરણ કરે છે.

અહીં ધર્મ શબ્દને પ્રચલિત ધાર્મિક વિધિ યા કર્મકાંડ માટે વપરાય તે અર્થમાં નથી. ધર્મ એક એવી વિચારધારા છે કે જેનાથી સમાજની સ્થિરતા ટકે. સમાજની ધારણા થાય. તેનાથી માનવના ભૌતિક જીવનમાં ઉન્નતિ થાય અને પરલોકમાં કલ્યાણ થાય. મનુષ્યને ધર્મ જ કર્તવ્ય પરાયણ બનાવે છે, તેથી આપણા પૂર્વજો એ આચરણ ઉપર ભાર મૂક્યો છે.

ભારતીય સંસ્કૃતિએ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થમાં ધર્મને અગ્રિમતા આપી છે, ધર્મ મુજબ અર્થોપાર્જન અને ધર્મ મુજબ કામનાપૂર્તિનો આગ્રહ રાખ્યો છે. જીવનમાં સદ્વિચારનું મહત્ત્વ છે પણ તે આચાર શૂન્ય ન હોવો જોઈએ. આચારશૂન્ય સદ્ વિચાર એટલે ખોખલું જીવન. એવું જીવન વિકાસને બદલે વિનાસ અને ઉર્ધ્વગમનના બદલે અધ:પતન નોંતરે છે.

### સુવિચાર

- ડહાપણ એ એવી મરઘી છે જે કચકચ કરે તો ખમી ખાવું,
  કારણ કે ઈંડુ આપવાની છે - **જોનાથન સ્વિફ્ટ**
- બીજાને ઠગવામાં દુ:ખ છે, પોતાને ઠગવામાં સુખ છે - **કબીર**
- સ્વાર્થ અને સેવા બેનું મિશ્રણ ચાલી શકતું નથી - **સરદાર પટેલ**
- જોડો કોઈના માથામાં મારવાનું મન થાય તો નજીકમાં નજીકનું માથું પોતાનું છે - **અફઘાન કહેવત**
- જુગાર મધ જેવો છે,
  મનનો લાલચું મધ લેવા ઊંચે ચડે છે પણ નીચે ઊંડી ખીણ છે તે જોતો નથી - **મહાભારત**
- ભગવાને તમને જેવા બનાવ્યા છે તેમાં તમે ઊંણા ન ઊતરો તેમાં તમારું ગૌરવ છે - **પેલિકીલસ**
- આજનું ઔષધ : તાવમાં દૂધેલી ચૂર્ણ ૨ ગ્રામ, પાંચ તુલસીના પાન વાટી, પાંચ નંગ મરી પણ વાટી, પાણી સાથે લેવાથી તાવ ઊતરે છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

રાત દિવસ ચિંતા, તણાવ, વિષાદ અને અશાંતિમાં જીવતો રાજા એની આવી અવદશાથી અકળાઈને એમાંથી મુક્ત તવાનો ઉપાય શોધતો હતો. એવામાં એક મસ્ત ફકીર આવ્યો, રાજાએ એને મળવા બોલાવ્યા અને કહ્યું, 'જો એની આવી હાલત રહેશે તો કાં તો એ પાગલ થઈ જશે અને કાં તો એ આત્મહત્યા કરશે.'

ફકીરે રાજાને સાંત્વના આપતા કહ્યું, 'મહારાજ, આપના દુ:ખના જડની મને ખબર છે, અને એનો ઈલાજ પણ સીધો સાદો છે. કોઈ શાંત અને પ્રસન્નચિત્ત ધરાવતી ધનિક વ્યક્તિનો હસ્તસ્પર્શ થાય તો, તમારો આ રોગ દૂર થઈ જશે.' રાજાએ આ પ્રકારની વ્યક્તિ શોધી લાવવા હુકમ કર્યો. સૈનિકો, પ્રધાનો, સૈનાપતિ વગેરે સૌ આવી વ્યક્તિની શોધ કરવા લાગ્યા પરંતુ એવો એકેય માણસ મળ્યો નથી જે કે શાંત, પ્રસન્ન અને સમૃદ્ધ હોય. આથી રાજાએ ફકીરને આ વાતની જાણ કરી. ફકીરે કહ્યું. 'મહારાજ, મને તો આની પહેલેથી ખબર હતી કે આ પ્રકારનો માનવી મળવો મુશ્કેલ છે, જે શાંત હોય, પ્રસન્ન હોય અને અતિ સમૃદ્ધ હોય. કારણ એટલું જ કે શાંતિનો રસ્તો આંતરિક પ્રસન્નતા ભણી દોરી જાય છે. જયારે સમૃદ્ધિનો માર્ગ બાહ્ય વૈભવ તરફ ઘસડી જાય છે. કાં તો વ્યક્તિ ભીતરની પ્રસન્નતા પામે છે અથવા તો સંપત્તિના ઢગલા પર વિરાજે છે. અંતરનો રસ્તો એ ઈશ્વરનો રસ્તો છે અને એ રસ્તે ચાલવા માટે ધનનો મોહ ત્યાગવો જરૂરી છે. જો સમૃદ્ધિના બાહ્ય માર્ગે ચાલવું હોય તો ભીતરની શાંતિ પામવાની ઈચ્છા છોડી દેવી જોઈએ.'

ફકીરની વાતમાંથી રાજાને જીવનનો રાહ મળી ગયો.

# હજુ માનવીમાં શ્રદ્ધા છે

**તંત્રીસ્થાનેથી...**

સાવ માસૂમ નવેક માસના બાળકને સ્વામિનારાયણ ગૌશાળાના દરવાજા પાસે નોંધારું છોડીને છટકી જનાર પથ્થરદિલ પુરુષ આખરે ગાંધીનગર પોલીસની પકડમાં આવી ગયો છે. ગૃહમંત્રી હર્ષ સંઘવીએ અંગત રસ લઈને પોલીસ તંત્રને દોડતું કર્યું અને અંતે ગણતરીના કલાકોમાં ભારે જહેમત પછી પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે સચીન દીક્ષિત નામના એ ક્રૂર માનવીને કોટા ખાતેથી ઝબ્બે કર્યો છે. પોલીસ વડાથી લઈ કોન્સ્ટેબલ સ્તરના કર્મચારીઓએ આ કેસને યુદ્ધના ધોરણે લઈ સફળતા મેળવી છે તે બદલ તેઓ અભિનંદનના અધિકારી છે. એટલાં જ અભિનંદનનાં અધિકારી એ નિરાધાર માસૂમને માતૃત્વનો અહેસાસ કરાવનારાં તે વિસ્તારનાં કોર્પોરેટરે દીપ્તિબહેન અને એની દેખરેખ રાખનાર ગાંધીનગર સિવિલ હોસ્પિટલના ડૉકટરો તથા નર્સિંગ સ્ટાફ પણ ગણાવાં જોઈએ. માનવતાના આ મંગલકાર્યમાં સરકારનો રોલ ખૂબ મહત્ત્વનો રહ્યો છે. સાથે જ મીડિયાએ આખી ઘટનાને પ્રસારિત કરી અનેક દંપતીઓનાં દિલમાં દીવો પ્રગટાવ્યો છે. એ ફૂલ જેવા બાળકનું સાચું નામ તો શિવાંગ નીકળ્યું, પણ એના ચહેરાનું કારમું ક્રંદન ભૂંસી એને મલકાતું કરનાર બધાંએ એને 'સ્મિત' નામ આપી કેળવું મોટું કરુણાનું કાર્ય કર્યું છે તેની નોંધ લેવી જ રહી. હજી માનવતા મરી પરવારી નથી, ભલે હળાહળ કળિયુગ ચાલી રહ્યો હોય પણ કુદરતે માનવીના મનનો એક અજાણ્યો ખૂણો કરુણા અને વાત્સલ્યથી તરબતર રાખી મૂકેલ છે એની આ ઘટનાને પ્રતીતિ કરાવી છે. બાળકનાં અસલી માતાપિતાની જાણ તો હવે પછી થશે, પણ એનો સાચો પિતા દેવાધિદેવ શિવ પરમાત્મા જ છે. એટલે સ્તો એનું નામ 'શિવાંગ' - શિવનો અંશ પાડવાનું સૂઝ્યું હશે. આવા નિર્દોષ બાળકને આ રીતે તરછોડવા પાછળ પણ કારણો હશે. કોઈ માતા આટલા કુમળા સંતાનને એની છાતીની અળગું કરવાનું સ્વપ્ને પણ ન વિચારી શકે. બનવાજોગ કે એની અસલી માતા આ દુનિયામાં હયાત જ ન હોય. એ પારકી સ્ત્રીના હવાલે જઈ પડ્યું હોય અને પતિના પ્રેમની આવી અણમોલ પ્રસાદી એની સાવલી માને સ્વીકાર્ય ન હોય. તર્કવિતર્ક અનેક થઈ શકે પરંતુ આ તંત્રીલેખ છપાશે ત્યાં સુધી આખું ગોપનીય રહસ્ય ખોલવામાં પણ ગાંધીનગરની બાહોશ પોલીસને સફળતા મળી ગઈ હશે, એવી આશા અને અપેક્ષા અસ્થાને નથી. લાખ રુપિયાનો સવાલ વર્તમાન જીવનશૈલી સામે ઊભો થાય. પુરુષ તો ભમરો છે. એને એક જ ફૂલનો રસ ચૂસવામાં સંતોષ નથી થતો. એવું પણ બને કે અનૌરસ બાળકને આશ્રમ મળી રહે, એને કોઈ પ્રેમાળ માતાપિતા સાંપડે, એવા શુભાશયથી જ ગૌશાળા આગળ મૂકી દેવાયું હોય. મજબૂરી વગર તો આવું ક્રૂર કાર્ય પથ્થરદિલ માનવી પણ ન જ કરી શકે. બાળકને જીવવાનો અધિકાર છે એટલું તો કમસે કમ એને મૂકી જનાર પણ માનવો જ હતો. નહીંતર આવા માસૂમનો કાંટો કાઢી નાંખતા કેટલી વાર ! એવી ક્રૂરતા એના સાચા માતાપિતા કે પાલક પરિવારે નથી આચરી એ ખરેખર એમના હૈયા પણ રામ વસ્યાનો પુરાવો છે. સમાજમાં આવી કરુણમંગલ ઘટનાઓ બનતી રહે છે. કયારેક તો હૈયા પર સો મણની શિલા મૂકીને જનેતા પોતે બાળકને કોઈ કચરાપેટીમાં નાખી દેતી હોય છે કાં તો આવા કોઈ આશ્રયસ્થાનના દરવાજે છોડી જતી હોય છે. રવીન્દ્રનાથ ટાગોરે કહ્યું છે એમ જયાં સુધી આ વિશ્વમાં નવું બાળક અવતરતું રહેશે ત્યાં સુધી એમ જ માનવું રહ્યું છે ઈશ્વરે માનવીમાંથી શ્રદ્ધા ગુમાવી નથી ! એ બાળકના યોગક્ષેમની શુભેચ્છા ફરી એકવાર એને સાચવનાર - સંભાળનાર સૌને હાર્દિક અભિનંદન અને વંદન.

# કસ્ટમરી ડિવોર્સ અમાન્ય ઠરાવતી ગુજરાત હાઈકોર્ટ

## જ્ઞાતિના રીવાજ મુજબ લેવાતા કસ્ટમરી ડિવોર્સ સામાજીક દુષણ



**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

રૂઢીવાદ પધ્ધતિથી લેવાતા સામાજીક આગેવાનોની હાજરીમાં છૂટાછેડા નામદાર ગુજરાત હાઈકોર્ટે અમાન્ય ઠરાવી જણાવ્યું છે કે, આ રીતે થતા છૂટાછેડા કોઈપણ કોર્ટે માન્ય રાખવા ના જોઈએ. પરંપરાગત રીતે લેવાતા છૂટાછેડા અભિમાની પુરૂષોની માંદિ માનસિકતા ના પ્રદર્શન સ્વરૂપ છે.

કસ્ટમરી ડિવોર્સ એ સમાજનું દૂષણ છે. જેમાં મોટાભાગે સ્ત્રીઓને સહન કરવાનું આવે છે અને પુરૂષપ્રધાન સમાજની દેન છે. કેટલાક બિમાર માનસીકતા ધરાવતા અંધરાષ્ટ્રવાદ પુરૂષોની મગજની પેદાશ ગણાવી હતી. પરિવારની હાજરીમાં થતા છૂટાછેડાને ફેમીલી કોર્ટે પણ મંજુર કરવા ના જોઈએ. આવા પ્રકારના છૂટાછેડા એ બંધારણની પરિપ્રેક્ષ્ય અને મૂળભૂત હક્કોના હનન સમાન છે.

અમરેલી જીલ્લામાં એક મહિલાએ પરંપરાગત છૂટાછેડાને માન્યતા આપવા ફેમીલી કોર્ટમાં અરજી કરતા ફેમીલી કોર્ટે આવી અરજ નામંજુર કરી હિન્દુ મેરેજ એક્ટની કલમ-૧ ૩ના ભંગ સમાન ગણાવી રદ કરતા નામ. ગુજરાત હાઈકોર્ટમાં મહિલાએ પીટીશન કરતા ખંડપીઠે નીચલી કોર્ટના ચુકાદાને માન્ય ગણેલ અને જણાવેલ કે, આપણે સ્ત્રીશક્તિકરણ અને સમાન હક્કની વાત કરતા હોઈએ ત્યારે ફેમીલી કોર્ટ પણ કસ્ટમરી ડિવોર્સને માન્યતા આપવી જોઈએ નહી.

ઘણા સમુદાય અને જ્ઞાતીમાં સામાજીક છૂટાછેડાને માન્યતા આપવામાં આવેલ છે. જેને કાયદાકીય સ્વરૂપ આપી શકાય નહિ. હિન્દુ મેરેજ એક્ટની કલમ-૧ ૩એ મુજબ અગરતો સંમતીથી, કલમ-૧ ૩બી મુજબ નામ. કોર્ટમાં છૂટાછેડા યાને લગ્નવિચ્છેદની અરજી કર્યા બાદ કોર્ટ હુકમ તથા હુકમનામું કરે તેને જ કાયદેસરના ધારાધોરણ મુજબ છૂટાછેડા, લગ્નવિચ્છેદ ગણી શકાય. જ્ઞાતી બંધારણ મુજબ મેળવેલ છૂટાછેડાને કાયદાકીય માન્યતા મળેલ નથી. તેમજ બીજા લગ્ન કરવા લગ્ન નોંધાવવા માટે છૂટાછેડાની ડીક્રી જરૂરી જ નહી પણ આવશ્યક માનવામાં આવેલ છે. તેમજ વિદેશ જતા વિઝા મેળવવા માટે પણ કોર્ટમાં હુકમનામું જરૂરી છે. અનિવાર્ય દસ્તાવેજ ગણવામાં આવે છે. ઈમીગ્રેશન વિભાગ જ્ઞાતી આધારીત ઘરમેળ છૂટાછેડાને માન્યતા આપતા નથી.

કેટલાક જ્ઞાતી સમુદાયોમાં આવી પ્રથા વર્ષોથી પ્રચલીત હોઈ શકે છે. કાયદાથી અમાન્ય સ્વરૂપને કાયદા દ્વારા માન્યતા આપી શકાય નહી. બંધારણીય પરિપ્રેક્ષ્ય અને આધુનિક વિકાસ ના જાણતા તથા સ્ત્રી-પુરૂષને સમોવડી ના ગણતા કાયદા ના જાણતા લોકો આ પ્રકારની છૂટાછેડાની માન્યતા આપતા હોય છે અને અંદરોઅંદર ઘરપરણું પણ કરી બીજા લગ્ન કરતા હોય છે. જેને કાયદો કે ઈમીગ્રેશન વિભાગ માન્યતા આપતો નથી. આવા લગ્નથી થતા બાળકોને પણ અનૌરસ ગણવામાં આવે છે અને ભવિષ્યમાં હિન્દુ સકશેશન એક્ટ ઉપર વીપરીત અસર કરે છે. કેટલાક સંજોગોમાં વડિલોપાર્જીત મિલકતમાં પણ હકક મળતા નથી. તેથી જ્ઞાતીના રીવાજ મુજબ લેવાતા કસ્ટમરી ડિવોર્સ એ સમાજનું દૂષણ સમાન છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
-info@trivediassociates.in

# કોઈ પથ્થર ઉગામે, તો હું શું કરું ? ફૂલ ફેંકું ન સામે, તો હું શું કરું?

**કોઈ પથ્થર ઉગામે, તો હું શું કરું ?**
**ફૂલ ફેંકુ ન સામે, તો હું શું કરું?**

**- 'શૂન્ય' પાલનપુરી**

પ્રભાશંકર પટ્ટણી (૧૮૬૨-૧૯૩૮)ના અવસાન પછી ત્રણ વરસે તેમના અંગત સેક્રેટરીએ કરેલી આ વાત મારા શબ્દોમાં રજૂ કરું છું.

૧૯૩૪ની શરૂના શિયાળામાં એક દિવસ કોઠી સાથે કામ હોવાથી પ્રભાશંકર રાજકોટ ગયેલા. પાછા ફરતાં ભાવનગર તરફની ગાડી ઊપડવાને પોણા કલાકની વાર હતી, તે વખતે પ્રભાશંકર તેમના બે સેક્રેટરી સાથે રાજકોટ સિટી સ્ટેશને આવી ગયા. એ સ્ટેશનેથી સામાન્ય રીતે ઘણા ઓછા ઉતારુઓ ચડતા. એક સેક્રેટરી પોર્ટફોલિયો સાથે બાંકડે બેઠા ને પ્રભાશંકર પ્લેટફોર્મના આ છેડેથી તે છેડે ફરવા નીકળ્યા. પ્લેટફોર્મના છેડેથી જરા આગળ તેમણે સાંધાવાળાનું ક્વાર્ટર જોયું.

બાજુમાં કાચી છાપરી નીચે એક ભેંસ ને ગાય બાંધેલાં જોઈ તે ત્યાં ગયા. એક આધેડ બાઈ સામે આવી, આવકાર આપતાં બોલી કે, "પધારો મહાતમાજી"

આમ કહી ખાટલો ઢાળી તે પર ગોદડું નાખી કહ્યું કે, "હ્યાં બેસો."

પ્રભાશંકરે બેસતાં કહ્યું કે, "દુઝાણું જોયું એટલે તમારે આંગણે બેસવા આવ્યો. ઘરમાંથી ક્યાં ફરજ પર ગયા છે ?"

સામે નીચે બેસતાં બાઈએ હા કહી ને પૂછ્યું, "મહાતમા બાપુ, તમે કોણ, કાં રો છો ?"

પ્રભાશંકરે કહ્યું, "હું મહાત્મા નથી, બ્રાહ્મણ છું, પણ પચાસ વરસથી એક રાજની નોકરી કરું છું. ભાવનગર રહું છું. ઢોર બહુ ગમે ને એ જેને ત્યાં હોય ત્યાં જાવું-બેસવું ગમે."

બાઈએ કહ્યું, "દેવ, મારે ત્યાં તો ભગવાને દીધાં બે જ ઢોર છે, ઝાઝાં નથી. તમારાં પગલાં ચ્યાં, હવે ઝાઝાં થાય ઈમ માગું. પણ બાપુ, તમે ભલે કો'કે રાજનો નોકર છું, પણ હું માનું નૈ. તમે તો મેની ઘોણે દયા કરવા આવ્યા છો, નહીંતર આંઈ વગડામાં આટલે છેટે છાપરીએ કોણ આફૂડું ડોકાય ? કોણ સાધુમા'તમાં આવે? આવ્યા છો તો હમણે જ ગા દોઈ છે, દૂધ લેસો ? તાંસળી ભરી દઉં, સડકઢું છે

પ્રભાશંકરે કહ્યું કે, "બેન, દૂધ તો નથી પીવું, છાશ દ્યો તો પીઉં." શીદ નો દૌ, ઈ પીયો." કે'તી બાઈ ઊઠી ને એક હાથમાં ભરી તાંસળી. બીજા હાથમાં છાશની દોણી લઈ આવી. કીધું કે, "રોજ સવારે કરીએ છે.

પ્રભાશંકર તાંસળી ભરી માખણ ઉતાર્યા વગરની છાશ પીધી. તેનાં વખાણ કર્યા.

બાઈએ કહ્યું, "છાશમાં શું વખાણ ? સંધેય સરખી."

પ્રભાશંકરે કહ્યું, "માડી, મને ફેર લાગે."

બાઈએ કહ્યું, "બાપુ, કાંક ઉપદેશ દો."

પ્રભાશંકરે કહ્યું, "એ દેનારો હું નથી. મળેલા ઉપદેશ મુજબ જીવવા મે'નત કરું છું. તમે હ્યાં એકાંતમાં ઢોર રાખી સેવા કરો છો ને મને એવું ઠેકાણે બેસવું બહુ ગમે, બાળપણ તાજું થાય, એટલે તમારે ત્યાં રાજી થઈને આવ્યો."

બાઈએ કહ્યું, "અમે વસવાયાં કે'વાઈ. અમને અમારા જેવાં હારે ગમે એટલે બે બાંધ્યાં છે."

પ્રભાશંકરે પૂછ્યું, "માડી, આપણાં જેવાં છે એમ તમને કેમ કરતાં લાગ્યું."

બાઈએ કહ્યું, "ઈ કાંઈ નો સમજું. પણ એવું ચ્યું કે આંઈ એની નોકરી થૈ ને જાતે દા'ડે છાસવારે ભારખાનાના ડબામાં પૂરેલી ગામાતા ને ભેંસું જોઈ મેં એક દાણ એને પૂછ્યું કે, આ ઢોરાં ભારખાનામાં કૈ દમણાં જાય છે ? તો કે, મુંબઈ. મેં પૂછ્યું, હ્યાં શું કામ ? તો કે, ત્યાં મોટું કતલખાનું છે. દેશમાંથી કૈક ઢોરાં હ્યાં જાય છે. સાંભળીને મને અરેરાટી : હાય જીવ, આ કળજગ ! ઘરેઘરે ગાય બંધાય ને સેવા થતી, છોરાં સડકઢુ દૂધ પીતાં, ઈ માતાના આ હાલ? આમ થોડા દી નો થ્યા ને મને કાંઈ ગોઠતું નૈ એટલે એને કીધું કે તમે હા કો' તો ગા મારે પીરથી લાવું ને તમે એક ગા કે ભેંસ લાવી દ્યો. સેવા કરીએ. જે ગાડીમાં આ સારું ઢોર ચડે ઈ ગાડીવાળાનું કામ કરી એનો દીધો રોટલો કયા ભવ સારુ ખાવો ? તો મને ક્યું કે, નીણપૂર તો તું કર, પણ ઈ લાવવા ક્યાંથી ? મેં કીધું, તમ તમારે દી આખો તમારું કામ કરો. મારે બે છોડી, રાંધી ખવરાવું પછી સાવ નવરી. છાણ-લાકડાં વીણવા જ છું ઈને બદલે છાણ ઘેર થાશે એટલે દી આખો ચારીશ, ચોમાસા કેડે ખડ વાઢ્યાવીસ. તમ તમારે એક ગા કે ભેંસ લાવી દો. ઈયે હું સરખા છે. ઈ ભેંસ લાવ્યા, બે ઢોર ઘેર બાંધ્યાં. છોડિયુંને લે સીમમાં ચારવા જાઉં, ઝાડને છાંયે બેસી છોડિયુંને ચણિયા-કમખા ને કડિયાં ભરતાં ને મેં આભલાં ભરતાં શીખવું. કરગઠિયાંય વીણીએ. છોડિયું જરા મોટી હૈ એટલે ઈયે ખડ વઢાવે. હવે તો ઈ સાસરે ગ્યું. આ ઢોર છે તો મારે સંગાથ છે. ઈ હતાં ઈ મરી ગ્યાં. ઈ ગાને પાંચ વાછડી. ભેંસને પાંચ પાડી થે. આ બે છે ઈ એનાં. વાછડી વોડકી થાય ને પાડી ખડાઈ થાય એટલે ભામણને કે એવા કોકને, જ્યાં છોરાં હોય ત્યાં દૈ આવું. આમ ને આમ દી પૂરા થાય તો હાંઉ."



**WhatsApp ઓફ ધી વીક**

નેહલ ગઢવી

પ્રભાશંકરે કહ્યું, "આટલુંયે હું કરી શકતો હોઉં !"

બાઈએ કહ્યું, "તમેય તમારી ઝૂંપડીયે ઢોર બાંધ્યાં જ હશે."

પ્રભાશંકરે કહ્યું, "છે, પણ નીરણપૂળો કોક વાર થાય. મારાં માવતર ને મોટેરાં તો ગાયુંની વચમાં સૂઈ રે'તાં. બાળપણમાં હું સૂતો છું. પણ છેલ્લાં બત્રીસ વર્ષથી બંગલામાં રહું છું. હું દોતોય ખરો, વહુ-દીકરાને આવડે, પણ હવે કરે કોક વાર. છું ભામણ, તોય હવે તમારા જેવી સેવા અમારી નહીં. હું તો તમારાથી થયેલો રાજીપો બોલી બતાવું છું. છાશ પાઈને તમે ટાઢક કરી. માડી, બેસવાનું તો ગમે, પણ ગાડીનો વખત થયો છે એટલે રજા લઉં. મારા જેવું કામ હોય તો કહો. રાજી થઈને કરીશ."

"મારે શું કામ હોય ! સખે રોટલા ખાઈને રૈ છે. તમે પગલાં કર્યા, પણ મેંથી કાંઈ થ્ય નૈ. દુવા દ્યો કે આ ઢોરને સાજાનરવાં જાળવી શકું ને મનમાની સેવા કરું." બેઠા થતાં પ્રભાશંકરે કહ્યું, "માડી, જે ધણીએ આટલાં વરસ તમારી રખેવાળી કરી ને સહુ જીવજંતુનીય કરતો રહ્યો છે, એ બહુ દયાળુ છે. તમારા જેવાંનું એ રક્ષણ કરશે જ. મને એ ભરોસો છે. ખોળો પાથરી પગે ન પડો," એમ કહેતાં પ્રભાશંકરે સામે નમી પ્રણામ કર્યા ને ઢોર તરફ હાથ જોડી માથું નમાવી પાછા ફર્યા. પાછા ફરતાં ગાય-ભેંસને પંપાળતા આવ્યા.

પાટા ઓળંગી પ્લેટફોર્મ પર આવતાં પ્રભાશંકરના કહેવાથી સેક્રેટરી પાછા ફરી એ બાઈને દશ રૂપિયા દેવા માંડ્યા, તો બાઈએ કહ્યું કે, "ઈ નો લેવાય ભૈલા, પાપમાં પડીએ. અમે સખનો રોટલો ખાઈ છે."

સેક્રેટરીએ કહ્યું કે બાપુ તો ભાવનગરના દીવાન હતા. બાઈએ કહ્યું, "ઈ ભલે રહ્યા. ભગવાન અને કરોડ વરસના કરે. હું નૈ લઉં."

સેક્રેટરીએ કહ્યું, "ઉપરથી ભગવાન મેઘ વરસાવે એ આપણે સૌ ઝીલીએ છીએ. એમ આયે ભગવાનનો જ પ્રસાદ છે. બાપુએ કે'વાનું કીધું છે કે બીજાને દેવા માટે જ ભગવાન મને નાણું આપે છે." આમ કહી ખાટલે રૂપિયા મૂકી સેક્રેટરી પાછા આવ્યા. ગાડી ઊપડ્યા પછી સેક્રેટરીએ બાઈની આનાકાનીની વાત કરી, ત્યારે પ્રભાશંકરે કહ્યું કે, "આ દેશનાં ભોળાંભલાં માણસોની મતિ ફેરવવા ઘણા પ્રયત્નો સો વરસથી થતા રહ્યા છે. પણ ઋષિમુનિઓએ હજારો વરસ પહેલાં સીંચેલા સંસ્કાર એટલા મૂળ સ્વભાવમાં ઊતરી આવ્યા છે કે સૈકાઓથી આ પ્રજા પીડાતી આવે છે છતાં હજી આવાં સાચાં માણસો રહ્યાં છે. પ્રભુએ આવાં માણસ જાળવીને બાવળની કાંટમાં ક્યાંક ક્યાંક ચંદનનાં ઝાડ ઉગાડ્યાં છે."

- મુકુન્દરાય પરાશર્ય

- nehalgadhavi101@gmail.com

# આને કહેવાય સાચી નારી શક્તિ : પ્યાલા-બરણીવાળાં રેખાબહેન પટણીનું જીવન સહનશક્તિ ઉપરાંત શક્તિથી ભરેલું છે

નવરાત્રિનું પર્વ ચાલી રહ્યું છે ત્યારે આપની સાથે નારી-શક્તિની એક કથા વહેચું. આમેય નવરાત્રિનું પર્વ એ આદ્યશક્તિની ઉપાસના-આરધાના કરવાનું પર્વ છે.

એમનું નામ છે રેખાબહેન પટણી. પટણી એટલે દેવીપૂજક. રેખાબહેનની વય ૪૫ આસપાસની છે. તેઓ આશરે પચ્ચીસેક વર્ષથી 'પ્યાલા-બરણી'નો વ્યવસાય કરે છે. 'પ્યાલા-બરણી'વાળા કોને કહેવાય તેની આમ તો ઘણાને ખબર જ હશે. આ વ્યવસાયમાં ક્યાંય પૈસા આવતા નથી. જે તે વ્યક્તિ જૂનાં કપડાં આપીને 'પ્યાલા-બરણી'વાળા પાસેથી વાસણ લઈ શકે છે. આમ આ, જૂના જમાનામાં ચાલતી હતી તેવી સાટા પદ્ધતિ છે. મૂડીવાદ અને રૂપિયાના હળાહળ જમાનામાં હજી પણ આ રીતે સાટા પદ્ધતિ ચાલતી હોય તે નવાઈ ભરેલી વાત લાગે.

જે લોકો 'પ્યાલા-બરણી'વાળા તરીકેનો વ્યવસાય કરતા હોય તે પોતાની સાથે જુદાં જુદાં નવાં વાસણો કે પ્લાસ્ટિકની ડોલ જેનાં પાત્રો લઈને નીકળે. શેરીએ-શેરીએ કે ઘરે ઘરે ફરે. આ વ્યવસાયમાં મોટા ભાગે બહેનો હોય છે. તેઓ જૂનાં, વપરાયેલાં કપડાં લઈને તેની સામે નવાં વાસણો આપે. 'પ્યાલા-બરણી'વાળાં આ બધાં કપડાં વેચી નાખે. જૂનાં વપરાયેલાં કપડાંનું મોટું બજાર ભરાય. ગરીબો અને જરૂરિયાતમંદો આવાં કપડાં ખરીદીને પહેરે. આવાં કપડાંનાં બીજા પણ ઉપયોગ થાય છે એટલે તેનું ત્યાં પણ વેચાણ થાય. રેખાબહેનનાં માતા પણ આ જ વ્યવસાય કરતાં હતાં. રેખાબહેન નાનાં હતાં ત્યારથી માતા સાથે જતાં. આમ તેમને વારસામાં જ વ્યવસાય શીખવા મળ્યો. ઉંમરલાયક થયાં એટલે તેમનું લગ્ન થયું. પતિ છુટક મજૂરી કરતા હતા, પણ તેમના દારુ પીવાની ટેવ હતી. આ લતે રેખાબહેનને ખૂબ હેરાન કર્યા. દારુનું વ્યસન સૌથી મોટી અસર દારુડિયાના પરિવાર પર પડતી હોય છે. લગ્ન પછી રેખાબહેન ત્રણ દીકરીઓનાં માતા બન્યાં. દીકરીઓ તેમને ગમતી જ હતી, પણ દીકરાની પણ આશા તો હતી જ. જોકે ત્રણ વખતમાં ઈશ્વરે દીકરો ના આપ્યો એટલે તેમણે મન મનાવ્યું કે અમારા નસીબમાં દીકરો નહીં જ હોય. દીકરીઓને દીકરા માનીને તેનો ઉછેર કરીશું. રેખાબહેન પહેલેથી જ પરિશ્રમી. ખૂબ મહેનતુ. સ્વભાવમાં સહેજે આળસ નહીં. દરરોજ બધા માટે રસોઈ કરીને ધંધો કરવા નીકળી પડે. દરરોજ ૩૦-૪૦ કિમી ફરવું પડે. 'પ્યાલા-બરણી'નો ધંધો સહેજે સહેલો ધંધો નહી. સતત ઠેર ઠેર ફરવું પડે. રેખાબહેન કહે છે, ઠંડી હોય કે ગરમી હોય, કે પછી વરસાદ પડતો હોય.. અમારે તો ધંધો કરવા નીકળવું જ પડે. ચામડી તતડી જાય તેવી ગરમીમાંય હું 'પ્યાલા-બરણી'લઈને નીકળી છું. પતિ છુટક મજૂરી કરે, પણ તેમની આવકનું કોઈ ઠેકાણું નહીં. આવક જે આવે તેનો દારુ પી લે. દરરોજ દારૃ પીને જ ઘરે આવે. તોફાન કરે. ધમાલ કરે. બૂમાબૂમ કરે. રેખાબહેન સાથે કોઈ પણ કારણ વિના ઝગડા પણ કરે. ભારતની સ્ત્રી એટલે સહનશક્તિની પ્રતિમા. રેખાબહેને ખૂબ સહન કર્યું. પોતાના પતિને વારંવાર સમજાવે. દારૃ છોડવા પ્રયાસ પણ કર્યો. જોકે એમાં રેખાબહેન સફળ ના થયાં.



રેખાબહેન દારુડિયા પતિને સહન કરે અને પોતાના આખા પરિવારનું જીવન વહન પણ કરે. જે સહન કરે છે તે જ વહન કરે છે. આ રીતે ચાલતું હતું, પણ દીકરીઓ જેમ જેમ મોટી થતી ગઈ તેમ તેમ રેખાબહેનની ચિંતા વધતી ગઈ. પતિ દારુ પીને ઘરમાં આવતા હતા તેની દીકરીઓ પર ખોટી અસર પડતી હતી. રેખાબહેનને આ ગમતું નહોતું. તેમની પોતાની બહુ ઈચ્છા હતી તો પણ તેઓ પોતાની સૌથી મોટી દીકરીને ભણાવી શક્યાં નહોતાં. એક તો ઈચ્છા હોવા છતાં પોતે ભણી નહોતાં શક્યાં તેનો તેમને પારાવાર અફસોસ હતો જ, તેમાં મોટી દીકરીને ના ભણાવી શકાઈ તેનો રંજ ઉમેરાયો.

તેમણે પતિને કહ્યું કે જો ભેગાં રહેવું હોય તો સરખી રીતે રહો. દારુ છોડો. જોકે તેમના પતિએ દારૃ છોડવાની ધરાર ના પાડી. અરે એમણે તો દાવો કર્યો કે તું જે કમાણી કરે છે તેમાં મારો ભાગ છે. તારે મને દરરોજ એકસો રુપિયા દારુ માટે આપવા જોઈએ.

રેખાબહેનને લાગ્યું કે હવે તો હદ થાય છે. તેમણે પતિથી નક્કી થવાનો મક્કમ ઈરાદો કર્યો. તેમણે નક્કી કર્યું કે ત્રણેય દીકરીઓને પોતે ઉછેરશે. ભણાવશે.



**નવી સવાર**

રમેશ તન્ના

ચારેક વર્ષથી તેઓ પોતાના પતિથી જુદાં રહે છે. ત્રણેય દીકરીઓને સરસ રીતે ઉછેરે છે. મોટી દીકરી ૧૮ વર્ષની છે. ડાહી છે. તે પોતાની મમ્મીને મદદ કરતી થઈ ગઈ છે. તેનાથી નાની ૧૬ વર્ષની અને સૌથી નાની ૧૧ વર્ષની છે. એક જ ઘરમાં ચાર શક્તિઓ વસે છે.

રેખાબહેનનું જીવન વિકટ છે. પડકારોથી ભરેલું છે. દરરોજ પગેથી ચાલવામાં થાક લાગે છે. તેઓ કહે છે, એટલો થાક લાગે છે કે રાત્રે બેભાન થઈ જવાય એટલી ઘસઘસાટ ઊંઘ આવે છે. પૈસાવાળાંઓને જેવી-તેવી ઊંઘનાં ફાંફાં છે અને શ્રમજીવી રેખાબહેનને બેભાન થઈ જવાય તેવી ઊંઘ આવે છે.

રેખાબહેન સાદું જીવન જીવે છે. દરરોજ તાંસળાં, તગારાં, ડબ્બા, તપેલીઓ, ડોલચાં, ડીસો, વાટકીઓ-વાટકા, ચારણા, ગ્લાસ જેવાં વાસણો લઈને નીકળી પડે છે. માથું શક્તિશાળી છે. ઠેર ઠેર ફરે છે અને ધંધો કરે છે. કેટલી કમાણી થાય છે ?

કશું નક્કી નહીં. ક્યારેક ૧૦૦ રુપિયા મળે અને ક્યારેક ૨૦૦ પણ મળે. ક્યારેક બિલકુલ ઘરાકી જ ના થાય તેવું પણ બને. ધંધો એટલે ધંધો.

રેખાબહેન વર્ષોથી બપોરે જમતાં જ નથી. જમવાનો સમય મળતો નથી બહાર ગમે ત્યાં જમવાનું અનુકૂળ પણ આવતું નથી. કહે છે કે એવો વિચાર કર્યો કે જમવાનું જ છોડી દઈએ તો કોઈ માથાકૂટ જ નહીં. શરીર ડાહ્યું હોય છે. જેવી ટેવ પાડો તેવી પડે. રેખાબહેને ટેવ પાડી કે બપોરે નથી જમવું તો ધીમે ધીમે શરીરે તેનો સ્વીકાર કરી લીધો છે.

રેખાબહેન અને તેમનો પરિવાર સાદું જમે છે. આજ સુધી, ૪૫ વર્ષમાં એક પણ વખત રેખાબહેન કોઈ હોટલ કે રેસ્ટોરન્ટમાં જમ્યાં નથી. અમદાવાદ છોડીને ક્યારેય ખાસ બહાર ગામ ગયાં નથી. તેમનાં કૂળદેવી બહુચરાજી છે એટલે ક્યારેય ત્યાં જાય છે. અને હા, અમદાવાદનાં કૂળદેવી ગણાતાં ભદ્રકાળીનાં દર્શન કરવા પણ તેઓ અવારનવાર જાય છે. રેખાબહેન તમને ભગવાન સામે ગુસ્સો આવે છે..? એ પ્રશ્નના ઉત્તરમાં તેઓ સવાલ પૂછે છે: શું કામ ? શું કામ ભગવાન ઉપર ગુસ્સો આવે ? ભગવાન પર કોઈ દિવસ ગુસ્સો ના કરાય. એ જે કરે તે સમજી-વિચારીને જ કરે. એ તો આપણાં જેવાં કરમ હોય તેવું આપણને મળે. મારા કર્મમાં મહેનત કરવાની લખેલી હોય તો મારે મહેનત કરવી પડે. અને ભઈ, ભગવાને આ શરીર અને જીવન મહેનત કરવા જ આપ્યું છે. આપણે મહેનત કરીને પેટ ભરીએ તેમાં શી નવાઈ કરીએ છીએ ? એમાં કોઈ ફરિયાદ ના કરવાની હોય...

તો આ છે મિજાજ એક શ્રમિક મહિલાનો. આ છે રુઆબ નારી-શક્તિનો.

**છાંચડો:**

ચાચર ચોકમાં બેઠેલી આદ્યશક્તિ ઉપરાંત આપણી આજુબાજુમાં અનેક આવી નારીશક્તિ હોય જ છે જેમાં આદ્યશક્તિના જ અંશ હોય છે. આપણે આદ્યશક્તિની પૂજા કરીએ અને આવી ઘરમાં રહેલી શક્તિનું સન્માન કરીએ.